**જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ-૨૦૧૫ અને જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન)નિયમો-૨૦૧૯ હેઠળ રાજ્યમાં વિશેષ જુવેનાઈલ પોલીસ યુનિટની નિમણૂક અને તેની કામગીરી બાબત.**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક: HD/JJA/e-file/8/2026/0117/A-1
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) આ વિભાગનો તા.૨૩/૦૫/૨૦૧૧નો પરિપત્ર ક્રમાંક: મહલ/૧૦૨૦૧૧/૧૨૪૩/ઝ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૦૩/૧૨/૨૦૧૯ની અધિસુચના ક્રમાંક: GH/SH/07/JJA/102016/220363/CHH

<u>આમુખ:</u>

ભારત સરકારના જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ-૨૦૧૫ (એક્ટ નં.૨ ઓફ ૨૦૧૬)ના પરિપ્રેક્ષ્યમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨)ની અધિસુચનાથી જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન)નિયમો- ૨૦૧૯ પ્રસિધ્ધ થયેલ છે. સદરહુ એક્ટ અને નિયમોની જોગવાઈઓનું રાજ્યભરમાં પૂર્ણતઃ પાલન થઈ શકે તે હેતુસર વંચાણે લીધેલ ક્રમ (૧)ના પરિપત્રની સુચનાઓના સ્થાને પ્રવર્તમાન અધિનિયમ અને નિયમોને અનુરૂપ ખાસ કિશોર પોલીસ એકમ (SJPU)ની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ, ૨૦૧૫ની કલમ-૧૦૭ અને ગુજરાત જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ) નિયમો, ૨૦૧૯ની સંબંધિત જોગવાઈઓના અમલીકરણ માટે રાજ્યના દરેક જિલ્લા/શહેર/રેલ્વે પોલીસના સબંધિત વિસ્તાર માટે નીચે કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર વિશેષ જુવેનાઈલ પોલીસ એકમ (Special Juvenile Police Unit)ની આથી નિમણૂક કરવામાં આવે છે.

| No. | Designation of the official | Position in the SJPU |
|---|---|---|
| 1 | 1. Deputy/Assistant Superintendent of Police, Head Quarter for District Area.<br>2. Assistant Commissioner of Police, Women Cell for Police Commissionerate Area.<br>3. Deputy/Assistant Superintendent of Police, Head Quarter of Government Railway Police. | Chairperson |
| 2 | Assistant Sub Inspector of each Police Station designated as the "Child Welfare Police Officers" under jurisdiction of concerned District/City area. | Member cum Child Welfare Police Officer (CWPO) |
| 3 | Two social workers (of whom one shall be a woman) who are engaged in the District Child Protection Unit of the District concerned. | Members |

૨. ઉક્ત વિશેષ જુવેનાઈલ પોલીસ એકમમાં કામગીરી સોંપતી વખતે સબંધિત વિસ્તારના પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીએ નીચે દર્શાવેલ મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

(૧) દરેક પોલીસ સ્ટેશનમાં (Child Welfare Police Officer (CWPO)) તરીકેની કામગીરી સંભાળતા મદદનીશ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર કરતા

નીચેના હોદ્દાના ન હોય તેવા પોલીસ અધિકારી આ કાર્યમાં અભિરૂચિ ધરાવતા અને બાળકો સાથે સંવેદનશીલ અભિગમથી કામ કરવા માટે વિશેષ તાલીમ મેળવેલ હોવા જોઈશે.

(૨) ઉક્ત એકમની કામગીરીમાં મદદરૂપ થવા માટે સભ્ય તરીકે ઓછામાં ઓછો ત્રણ વર્ષનો સામાજિક કાર્યનો અનુભવ ધરાવતા બે સવેતન સામાજિક કાર્યકરોની સેવાઓ મેળવવાની રહેશે; જેમાં ઓછામાં ઓછી એક મહિલા કાર્યકર હોવી જોઈશે. આવા સામાજિક કાર્યકરોને વિશેષ જુવેનાઇલ પોલીસ એકમમાં સભ્ય તરીકે કામગીરી સોંપતા પહેલા તેમની વિરૂધ્ધમાં કોઈ પોલીસ ફરિયાદ (વિશેષમાં બાળ અપરાધ સબંધિત) ન હોય તેની ખાસ કાળજી લેવાની રહેશે.

(૩) ખાસ કિશોર પોલીસ યુનિટમાં કામ કરતા ચાઈલ્ડ વેલફેર પોલીસ ઓફિસરની બદલીના કિસ્સામાં શક્ય હોય ત્યાં સુધી આ પ્રકારના અન્ય યુનિટમાં તેમની નિમણૂક કરવાની રહેશે પરંતુ, બઢતીના અપવાદરૂપ કિસ્સામાં તેઓના સ્થાને અન્ય પોલીસ અધિકારીની ચાઈલ્ડ વેલફેર પોલીસ ઓફિસર તરીકે કામગીરી સોંપવામાં આવે ત્યારે સબંધિત પોલીસ અધિકારીને બાળકો સાથે સંવેદનશીલ અભિગમથી કામ કરવા માટે વિશેષ તાલીમ મેળવે તેની કાળજી રાખવાની રહેશે.

૩. ઉક્ત વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)ને ભારત સરકારના જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ-૨૦૧૫ તેમજ વંચાણે લીધેલ ક્રમ (૨)ની અધિસુચના અન્વયેના જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન)નિયમો- ૨૦૧૯ની જોગવાઇઓને આધિન નીચે મુજબની કામગીરી સોંપવામાં આવે છે.

(૧) વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)એ રાજ્યમાં જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ-૨૦૧૫ અને જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) નિયમો-૨૦૧૯ હેઠળ પોલીસને સોંપવામાં આવેલી ફરજો અને જવાબદારીઓનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાનો રહેશે.

(૨) વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)એ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો સંબંધિત બાબતોમાં Juvenile Justice Board, Child Welfare Committee, District Child Protection Unit, Observation Home, Special Home, Place of Safety, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ અન્ય સંબંધિત કચેરીઓ/સંસ્થાઓ સાથે જરૂરી સંકલન જાળવવાનું રહેશે.

(૩) વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)એ જુવેનાઈલ જસ્ટીસ પરત્વેના નામ. સુપ્રિમ કોર્ટ, નામ. હાઈકોર્ટ, ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના સમયાંતરે બહાર પાડવામાં આવેલા દિશાનિર્દેશો, માર્ગદર્શિકાઓ અને સૂચનાઓનો અમલ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) રાજ્ય સરકાર અથવા પોલીસ મહાનિદેશકશ્રી દ્વારા સમયાંતરે બાળ અધિકારોના સંરક્ષણ અને કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોના પુનર્વસન સંબંધિત અન્ય કામગીરી સોંપવામાં આવે તેનો વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)એ અમલ કરવાનો રહેશે.

૪. અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ) એ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ-૨૦૧૫ની ગૃહ વિભાગ અને પોલીસ સબંધિત જોગવાઇઓનું રાજયભરમાં પાલન થાય તે અંગેની કાળજી લઈ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) બાળ અધિકારો, બાળમૈત્રીપૂર્ણ અભિગમ અને જુવેનાઇલ જસ્ટિસ કાયદા અંગે સમયાંતરે પોલીસ અધિકારીઓ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

(૨) રાજ્ય સરકાર દ્વારા જુવેનાઇલ જસ્ટીસ સંબંધિત માહિતી, આંકડાકીય વિગતો અને અહેવાલો માંગવામાં આવે ત્યારે તૈયાર કરીને રજૂ કરવાના રહેશે.

(૩) સંબંધિત જિલ્લા પોલીસ અધિક્ષક/શહેર પોલીસ કમિશનરે વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU) ની કામગીરીની ઓછામાં ઓછી દર છ માસે સમીક્ષા કરવાની રહેશે તથા તેની વિગતો અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી ક્રાઇમ અને અને રેલવેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(૪) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી ક્રાઇમ અને અને રેલવેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાંથી પ્રાપ્ત માહિતી, આંકડાકીય વિગતો તથા વિશેષ જુવેનાઇલ પોલીસ એકમ (SJPU)ની કામગીરી અંગેનો સંકલિત ડેટાબેઝ જાળવી રાખવાનો રહેશે તેમજ, રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવે ત્યારે તેનો માહિતી રજૂ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sign

(ક્ષિતિજ પુરોહિત)

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, મહિલા સેલ, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે શહેર પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

**નકલ રવાના :**

- અગ્ર સચિવશ્રી (ગૃહ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Kshitij Purohit
Under Secretary
Date:2026.07.22
17:32:17 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign